# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ００७

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/51 Dt. 05/08/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા અને માનદ્ ખજાનચી અતુલ પટેલના નેતૃત્વમાં 13 સભ્યોના પ્રતિનિધિમંડળે શ્રીલંકા ખાતે આયોજિત 'ઇન્ટેક્સ સાઉથ એશિયા' અને 'ઇનમેક વર્લ્ડ એક્સ્પો'ની મુલાકાત લીધી

**શ્રીલંકાના ઉદ્યોગ મંત્રી સુનીલ હન્દુન્નેત્તી અને ભારતીય હાઇ કમિશનર સંતોષ ઝાની ઉપસ્થિતિમાં એક્સ્પોનો ભવ્ય પ્રારંભ**

**ભારત અને શ્રીલંકા વચ્ચેના FTA અને ભૌગોલિક જોડાણનો લાભ લઈ ટેક્સટાઇલ નિકાસ વધારવા ભારતીય ઉદ્યોગકારોને અશોક જીરાવાલાનું આહ્વાન**

**એક્ઝિબિશનમાં ટેક્સટાઇલ માટે ગ્રીન રેગ્યુલેશન્સ, AI, સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય ચેઇન ઓટોમેશન પર વિશેષ માર્ગદર્શન અપાશે**

સુરત, 05 ઓગસ્ટ 2026: શ્રીલંકાના કોલંબો સ્થિત BMICH ખાતે 05 થી 07 ઓગસ્ટ 2026 દરમિયાન યોજાયેલા આંતરરાષ્ટ્રીય સ્તરના 'ઇન્ટેક્સ સાઉથ એશિયા' (Intex South Asia) અને 'ઇનમેક વર્લ્ડ એક્સ્પો' (Inmac World Expo)ની ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલના નેતૃત્વ હેઠળ 13 સભ્યોના પ્રતિનિધિમંડળે વિશેષ મુલાકાત લીધી હતી. આ ડેલિગેશને પ્રદર્શનમાં રજૂ કરાયેલા આધુનિક યાર્ન, એપેરલ ફેબ્રિક્સ, ડેનિમ, પ્રોડક્ટ એસેસરીઝ અને લેટેસ્ટ ગાર્મેન્ટ મશીનરી ટેકનોલોજીનું નિરીક્ષણ કર્યું હતું.

બુધવારના રોજ યોજાયેલા ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહમાં શ્રીલંકાના ઉદ્યોગ અને સાહસિકતા વિકાસ મંત્રી શ્રી સુનીલ હન્દુન્નેત્તી તથા શ્રીલંકા ખાતેના ભારતના હાઇ કમિશનર શ્રી સંતોષ ઝા મુખ્ય અતિથિ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

**ભારત-શ્રીલંકા વેપારી સંબંધો વધુ મજબૂત બનશે: અશોક જીરાવાલા**

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ એક્ઝિબિશન અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, "શ્રીલંકાના આ આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં સૌથી વધુ સંખ્યા ભારતીય એક્ઝિબિટર્સની છે, જે દર્શાવે છે કે બંને દેશો વચ્ચેના વ્યાપારી સંબંધોને વધુ ગાઢ બનાવવામાં આ ટ્રેડ એક્સ્પો મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે. ભારત અને શ્રીલંકા વચ્ચેના મજબૂત ભૌગોલિક-ઐતિહાસિક સંબંધો તથા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA)ને કારણે ટેક્સટાઇલ ક્ષેત્રે નિકાસની વિપુલ તકો ઊભી થઈ છે, જેનો લાભ દક્ષિણ ગુજરાત સહિત દેશના ઉદ્યોગકારોએ વધુને વધુ લેવો જોઇએ."

તેમણે ઉમેર્યું હતું કે, આ ત્રણ દિવસીય એક્ઝિબિશન દરમિયાન વૈશ્વિક નિકાસ સ્પર્ધાત્મકતા માટે ગ્રીન રેગ્યુલેશન્સ અને સર્ક્યુલેરિટી, એપેરલ ઉદ્યોગમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને ઓટોમેશન દ્વારા સપ્લાય ચેઇનમાં ફેરફારો તેમજ સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ દ્વારા ઉત્પાદન ક્ષમતા વધારવા અંગે ઉદ્યોગસાહસિકોને તકનીકી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.